# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 02 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH AUGUST 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


રાજસ્થાન દક્ષિણ દિપક, સાહિત્ય દિવાકર,
સરળ સ્વભાવી, ધર્મ જ્ઞાની, તત્વવેતા

## પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.



## નૂતન ગચ્છનાયક પદવી ગ્રહણ પ્રસંગે
## આપના પાવન ચરણોમાં નતમસ્તકે વંદન

**પ્રકાશ સમીક્ષા સમિતી**

# DIVYA SAMEER MOMAYA

"THE FUTURE BELONGS TO THE COMPETENT.
GET GOOD, GET BETTER, BE THE BEST!"



## CONGRATULATIONS

FOR BEING APPOINTED AS INDEPENDANT DIRECTOR AT

- MOTILAL OSWAL FINANCIAL SERVICES PRIVATE LIMITED
- ARIHANT SUPERSTRUCTURES LIMITED
- APPOINTMENT AS Co-CHAIRPERSON WITH IMC CHAMBER OF COMMERCE & INDUSTRY, NAVI MUMBAI

**You made us proud of you!**

**MATERNAL FAMILY**

NEETA MANIKANT
VERSHI SHIYAL (SHAH) &
ENTIRE FAMILY

MALEGAON

**In Laws Family**

VIBHAVARI
NARENDRA VISANJI
MOMAYA &
ENTIRE FAMILY

NAVI MUMBAI

# ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ...



**કુંવરજીભાઈ હરશી લોડાયા**

રાપર ગઢવારી – ભાંડુપ

મહેંકે છે જેમની માનવતા મોગરા જેવી, સ્નેહ સંસ્કાર,
ઉદારતાના દિવ્ય ગુણોથી, ઓજસ પ્રસરાવી ગયા.
પરિવારને સમાજમાં દિવાદાંડી બની, અમારા રાહબર બની ગયા.
બની છે અમારી જીંદગાની લીલીવાડી જેવી,
એ રૂડાં આશિર્વાદ, હૃદયથી આપતા ગયા.
આજ સ્પંદનો બની નવી દિશા અમને બતાવે છે,
હયાતીનો અહેસાસ ફેલાઈને સુવાસ રૂપે,
અમને આપની મધુર યાદ સતત આવે છે.

પરમકૃપાળુ પરમાત્મા પૂજ્ય બાપાના પુણ્યાત્માને પરમ શાંતિ
અર્પે અને તેમના પરિવારજનો પર આવી પડેલ દુઃખને
સહેવાની શક્તિ પ્રદાન કરે એજ અભ્યર્થના.

## લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ

**તંત્રી સ્થાનેથી**

# ।। મિચ્છામિ દુક્કડમ્ ।।

– ડૉ. હિરાચંદ દંડ – 7738508150



આ અંકની ડીજીટીલ કોપી વાંચતા હશો ત્યારે આપણે પર્યુષણ પર્વની ઉજવણીના મધ્યમાં હશું. આ અંકની પ્રીંટ કોપી આપને પર્યુષણ બાદ પોસ્ટ મારફત મળશે. આપ સૌને પર્યુષણ પર્વ સલામત રીતે અને ભક્તિભાવ પૂર્વક ઉજવવા શુભેચ્છાઓ પાઠવું છું.

મહારાષ્ટ્ર સરકારે જૈનો માટે પર્યુષણ દરમ્યાન દેરાસરો ખોલવાની પરવાનગી નથી આપી પરંતુ કેન્દ્ર સરકારે ૧૬ ઓગષ્ટથી વૈષ્ણોદેવી મંદિર ખોલવાની પરવાનગી આપી છે. મુંબઈ હાઈકોર્ટે પણ દેરાસરો ખોલવા પરવાનગી આપવા ઈન્કાર કર્યો છે એટલે મહારાષ્ટ્ર રાજ્યમાં વસતા જૈનોએ બધી ધાર્મિક વિધીઓ, પ્રતિક્રમણ વગેરે પોતાના ઘરે જ કરવું પડશે.

પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ યુવાનો માટે શિક્ષણલક્ષી, જૈનધર્મલક્ષી તથા મોટીવેશનલ લેખોના સમાવેશ દ્વારા પ્રકાશ સમીક્ષામાં પરિવર્તન લાવવા પ્રયત્નશીલ છે. આપના પરિવારના યુવાનોને પ્રકાશ સમીક્ષા વાંચવા પ્રોત્સાહિત કરવા વિનંતી. નવા વિભાગો અંગે આપ સૌ વાચકોના વિચારો આવકાર્ય છે.

આ અંકથી જ્ઞાતિના સિધ્ધહસ્ત લેખક શ્રી સોમ ધરમશી (સોમચંદ વિશનજી ધરમશી – મંજલ રેલડીયા)ની કલમથી કંડારાયેલ ''અતીતની અટારીએથી'' લેખમાળાનો પ્રારંભ કરીએ છીએ. આપણે બધા કચ્છ-કચ્છ બોલતા રહીએ છીએ અને મુંબઈ છોડી કચ્છ સ્થાઈ થવાની વાતો કરતા રહીએ છીએ પણ ઘણાં ઓછા જ્ઞાતિજનો કચ્છ જઈને સ્થાઈ થયા છે, જેમાં 'સોમ ભા' એક છે. તેઓ નિવૃત્તિ માટે મુંબઈ છોડી કચ્છ નથી ગયા, તેઓ કચ્છ જઈને પણ કાર્યરત છે. થોડા દિવસ પહેલા મેં તેમને પ્રકાશ સમીક્ષા માટે ઈન્ટરવ્યું આપવા કહ્યું તો તેમણે મને કહ્યું કે તમે જે જાણવા ઈચ્છો છો એ બધું જ તમને 'અતીતની અટારીએથી' લેખમાળામાં વાંચવા મળશે. સોમ ભાની મુંબઈથી કચ્છની જવાની પ્રક્રિયા તથા તેમની જીવનયાત્રાને જાણવાની ઉત્કંઠા આપણને સૌને રહેશે તથા તેમાંથી કચ્છ જવાની પ્રેરણા પણ મળશે.

આપના ગામ, મહાજન તથા સંસ્થાઓના સમાચારો અમને મોકલો જેથી સમગ્ર જ્ઞાતિ સુધી પહોંચાડી શકાય. ૫ ઓગષ્ટનો અંક છપાઈને તા. ૧૮ના પોસ્ટ થયો છે જે આગામી દિવસોમાં આપને મળી જશે કારણ કે ૧૭ ઓગષ્ટથી જ જી.પી.ઓ. ખાતે મેગેઝીન સ્વિકારવાનું શરૂ થયું છે. આગામી અંકો નિયમિત રીતે છપાશે અને આપના સુધી ટપાલ દ્વારા પહોંચશે.

આ ચાતુર્માસ દરમ્યાન અઠ્ઠાઈથી વધુ તપસ્યા કરનારા સર્વે તપસ્વીઓને વિનંતી છે કે તેઓ તેમનું નામ-ગામ-હાલનું શહેર, તપની વિગત તેમના ફોટોગ્રાફ સાથે પ્રકાશ સમીક્ષાને મોકલી આપે જે આગામી અંકોમાં પ્રકાશિત કરીશું.

વર્તમાન સમયની કપરી પરિસ્થિતિમાં એકબીજાને મદદરૂપ થવાનો પ્રયત્ન ખૂબ જ જરૂરી છે. ફક્ત આર્થીક મુશ્કેલી જ હોય એવું નથી, એ સિવાય પણ મનને અશાંત કરતી અનેક બાબતો પોતાનું જોર દાખવતી હોય છે. નકારાત્મક વિચારો આવા સમયે ઘણી વ્યક્તિઓને પરેશાન કરતા હોય ત્યારે તેમની વાતો સાંભળી, તેમને હિંમત આપવી પણ જરૂરી છે. કોઈકના મનનો ભાર હળવો કરવો એ પણ ખૂબજ પુણ્યનું કામ છે. આ પર્યુષણ પર્વની આરાધના વખતે સર્વે જીવોના કલ્યાણ માટે વિશેષ કામના કરીએ તથા જરૂરતમંદ જીવોને આર્થીક તથા માનસિક રીતે શક્ય હોય તેટલી સહાયતા કરીએ. જગત ઉપર આવેલું આ મહામારીનું સંકટ દૂર થાય તથા સૌ જીવોનું કલ્યાણ થાય એવી અભિલાષા સાથે સૌને મિચ્છામિ દુક્કડમ્.

* * *

**આદ્યતંત્રીઓ**

"પ્રકાશ"
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા  કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
રાયચંદ રતનશી નાગડા  પંકજ પ્રતાપ શાહ
શરદ કાંતિલાલ શાહ (નાગડા)  શૈલેશ સનત્ શાહ
કેશરસિંહ આણંદજી ખોના  જયંત વિશનજી છેડા
તિલકચંદ કુંવરજી લોડાયા  મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ – ૨૩ અંક નં. ૦૨**
**Date : 20-08-2020**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત**
**રવિવાર અને જાહેર રજાના બંધ**

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| ¼ પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| ¼ પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

અતીતની અટારીએથી

# ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧)



સોમ ધરમશી
મો. 97267 76627







**''કચ્છડો ખેલે ખલકમેં, જીં મહાસાગરમેં મચ્છ;**
**જિત હિકડ઼ો કચ્છી વસે, ઉત અસાંજો કચ્છ.**
**(-શ્રી દુલેરાય કારાણી)**

**પ્રસ્તાવના :-** ગયા વર્ષની વાત છે. માંડવીના દરિયા કાંઠે આવેલ શ્રી અજિતનાથ દેરાસરજીની ધજા મહોત્સવનો પ્રસંગ. માંડવીમાં વસવાટ કરતા શ્રી અચલગચ્છ જૈન સમુદાયના ભાવિકજનો તેમજ કચ્છમાં વસવાટ કરતા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના ભુજ, ગાંધીધામ, નલિયા, બાયઠ, મુન્દ્રા તથા અન્ય ગામોથી પધારેલ સ્નેહીઓનું માઈક ઉપરથી શ્રી પ્રબોધ મુનવર સ્વાગત કરી રહ્યા હતા. પુજારી શ્રી તીલકભઈ મહોત્સવની તૈયારીમાં કોઈ કચાશ ન રહી જાય તેની તકેદારી રાખી રહ્યા હતા. તેમના સુપુત્ર ચડાવા બોલાય તેની નોંધ લેવા છુટા પાના અને પેડ-પેન સાથે તૈયાર હતા. માઈક ઉપરથી વહેતા સ્તવનો વાતાવરણને સંગીતમય બનાવી રહ્યા હતા. ભક્તિમય સત્તરભેદી પૂજા ભણાવાવાળી માંડવીના મંડળની બહેનો ઝાંઝરી-મંજીરા સાથે યુનિફોર્મમાં સજ્જ હતી.

પુ. શ્રી કંચનસાગરજી મ.સા., પુ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. તથા સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. અને તેમનો શિષ્યગણ કાર્યક્રમ શરૂ કરાવવા નવકાર મહામંત્રનું પઠન કરી રહ્યા હતા.

દૂર દૂર દરિયાઈ મોજા ઉછળી ઉછળી આ મહોત્સવમાં હાજરી પુરાવવા આતુર હતા. ૨૦૦૧નાં ધરતીકંપ પછી નવી બનેલ દિવાદાંડી ટટાર થઈ પ્રભુજીના દેરાસરના ધ્વજદંડ પર મીટ માંડીને ઉભી હતી.

શ્રી દેરાસરજીના શિખર ઉપરથી દરિયા તરફ નજર ફેરવતા ઉછળતાં મોજાઓમાં અતીતની અટારીએથી... ઈ. સ. ૧૯૪૮ના એપ્રિલ મહિનાના કોઈક દિવસમાં સરકી પડ્યો.

આમ તો મારો જન્મ ઈ.સ. ૧૯૪૪ના જુલાઈ મહિનામાં. બીજા વિશ્વયુદ્ધના વાદળો ધીમે ધીમે વિખરાઈ રહ્યા હતા. ઈ.સ. ૧૯૪૨માં શરૂ થયેલ મુંબઈના ગ્વાલિયા ટેંકના મેદાન ઉપરથી ''ક્વીટ ઈન્ડિયા''ની ચળવળ પૂજ્ય ગાંધીજીના નિર્દેશમાં જોર પકડી રહી હતી. ઈ.સ. ૧૯૪૪ના એપ્રિલની ૧૪ તારીખના મુંબઈના વિક્ટોરીયા ડોકમાં ''એસ. એસ. ફોર્ટ સ્ટીકની'' નામની સ્ટીમર જે ૧૪૦૦ ટન જેટલો દારૂગોળો, કપાસની ગાંઠડીયો, સોનુ અને અન્ય સામગ્રી લઈને લાંગરી હતી તેમાં જોરદાર વિસ્ફોટ થયો અને બહુ મોટી ખુવારી થઈ. (આ સ્ટીમરની વાર્તા આગલા અંકોમાં...)

મારો જન્મ મુંબઈની ઓપેરા હાઉસ સ્થિત ડૉ. કુમુદ મહેતા હૉસ્પિટલમાં થયો હતો. પણ મારી કચ્છની પ્રથમ દરિયાઈ સફર મારા મનના સ્મરણપટ ઉપર કોતરાઈ ગઈ હતી. જે આજે ૭૦ વર્ષ પછી પણ એટલી જ તાજી છે. એટલે અતીતની અટારીએથી મારી આ લેખમાળા '' ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર''થી ચાલુ કરું છું.

ઈ.સ. ૧૯૪૮માં મારી ઉંમર તે વખતે ૪ થી ૫ વર્ષની. કોર્ટ મુંબઈમાં આવેલ બજાર ગેટ શાળામાં બાલ મંદિરનું વર્ષ પુરુ કરી પહેલા ધોરણમાં પ્રવેશ મળી ચુક્યો હતો. ઘરમાં પિતાજીએ જાહેર કર્યુ હતુ કે આ શનિવારની સ્ટીમર દ્વારા કચ્છ જવાની ટીકીટ આવી ગઈ છે. આ યાત્રાના યાત્રિકો હતા. હું, મારા પૂ. માતૃશ્રી અને મારી મોટી બહેન શ્રીમતી હિરા નેણશી ખોના-નલિયા (પવઈ) (હાલનું નામ).

મુંબઈથી કચ્છ જવા માટે તે જમાનામાં ચાર રસ્તા હતા. (૧) જમીન માર્ગે, (૨) રેલ્વે માર્ગે, (૩) દરિયાઈ માર્ગે, (૪) હવાઈ માર્ગે. જમીન માર્ગે જવું વિકટ હતું, કારણ કે રસ્તામાં ઘણા નદીઓના પુલ ઓળંગવા પડતા હતા અને આશરે ૫૦૦ થી ૬૦૦ માઈલનું અંતર કાપવુ પડતું હતું.

રેલ્વેનો માર્ગ અટપટો હતો. મુંબઈ સેન્ટ્રલથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ દ્વારા વિરમગામ અથવા અમદાવાદ જવાતું. વિરમગામથી નવલખી, અને નવલખીથી બોટ મારફતે કંડલા બંદરે અથવા મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ અને અમદાવાદથી પાલનપુર-ડીસા માર્ગે ભુજ. આ યાત્રામાં પોઈંટ ટુ પોઈંટ (ડાયરેક્ટ) ડબ્બો મળ્યો તો ઠીક નહીં તો બાપુની ગાડીમાં જંક્શને જંક્શને ડબ્બા કપાતા અને જોડાતા. (વધુ આવતાં અંકે...)

# મળવા જેવા માણસ...

## શ્રી પદમકુમાર લખમશી ધનજી નાગડા - માનવાલા (નલિયા-હુબલી)



ઘણી વ્યક્તિઓ સમાજને ઉપયોગી હોય એવા વિવિધ શોખ અને લગન ધરાવતી હોય છે. હું હાલમાં એવી જ એક વ્યક્તિ શ્રી પદમકુમાર ધનજી લખમશી નાગડા (હુબલી-નલિયા) માનાવાલાના સંપર્કમાં આવ્યો કે જેઓ ઇ.સ. ૧૯૯૮ થી ક.દ.ઓ. જ્ઞાતિમાં થતા જન્મ અને મરણની નોંધ રાખવાનો શોખ ધરાવે છે.

શ્રી પદમભાઇનો જન્મ ઇ.સ. ૧૯૪૭માં થયો. તેમણે મુંબઇમાં મીકેનીકલ એન્જિનીયરીંગનો અભ્યાસ કર્યો. તેઓ ઇ.સ. ૧૯૭૫માં હુબલી ગયા અને ત્યાં એ.કે. ઇન્ડસ્ટ્રીઝમાં ૩૦ વર્ષ સુધી કામ કર્યું. તેમની ત્રણ સુપુત્રીઓ છે જેમાંથી એક દિકરી બેંગ્લોર અને એક દિકરીને અમદાવાદમાં પરણાવી છે. તેઓશ્રી કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશનના મંત્રી તથા પછીથી પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેઓશ્રી જ્ઞાતિ કાર્ય માટે હુબલીમાં ખૂબજ સક્રિય રહ્યા છે. તેમણે અનેક વાલીઓને તેમના સંતાનો માટે યોગ્ય પાત્ર શોધવામાં મદદ કરી છે.

શ્રી પદમભાઇ આપણી જ્ઞાતિ માટેની સોશિયલ સીક્યુરીટી સ્કીમના વ્યવસ્થાપનમાં સક્રિય થયા અને ત્યારથી તેમને જ્ઞાતિજનોના જન્મ-મરણની નોંધ રાખવામાં રસ પડ્યો. અત્યારે તેમની પાસે તા. ૧ એપ્રીલ ૧૯૯૮ થી મૃત્યુ પામેલા ૬૩૦૦ જેટલા જ્ઞાતિજનોની માહિતી છે. તેઓ આ નોંધ ગામ પ્રમાણે આપી શકે છે તે ઉપરાંત ભારતના શહેરો પ્રમાણે પણ માહિતી આપી શકે છે. આ માહિતી આજે આપણા માટે ખૂબજ ઉપયોગી છે. આજે પણ પદમભાઇ આ પ્રવૃત્તિ શાંતીથી અને કોઇપણ પબ્લીસીટીની અપેક્ષા વિના આગળ ધપાવી રહ્યા છે. તેઓ આપણા જ્ઞાતિજનો કે સંસ્થાઓ તેમની પાસે માહિતી માંગે ત્યારે તરત જ જરૂરી માહિતી આપે છે.

શ્રી પદમભાઇ ક.દ.ઓ. સોશિયલ વેલ્ફેર સ્કીમમાંથી ક્લેઇમ મેળવવા માટે પણ જ્ઞાતિજનોને જરૂરી માહિતી માર્ગદર્શન આપે છે. અનેક કિસ્સાઓમાં તેમણે વારસદારોને તેમના સ્વર્ગસ્થ વડીલોની પોલીસીની માહિતી આપીને વારસદારોને પોલીસીની ક્લેઇમની રકમ મેળવવા મદદરૂપ થયા છે. પ્રસિધ્ધિની ઇચ્છા વિના જ્ઞાતિજનો માટે ઉપયોગી થવાની એ મની ભાવના પ્રશંસનીય છે.

**- ડૉ. હિરાચંદ દંડ**

---

## ક.દ.ઓ. જ્ઞાતિનું ગૌરવ કૌશિક ચંદ્રહાસ રતનશી ખોના, સુથરી



છેલ્લા ૧૨ વર્ષોથી ''ટર્ન અરાઉન્ડ મેન'' એટલે કે સાચી દિશા અને દોરવણી આપનારના તરિકે ઔદ્યોગિક જગતમાં આપણા ક.દ.ઓ. શ્રી કૌશિક ચંદ્રહાસ ખોનાનું નામ બહુજ જાણીતું છે. ભારતની એક બહુજ મોટી અને જાણીતી વિમાની કંપની ''ગો એર''ના સી.ઇ.ઓ. કૌશિકભાઇની તરીકે ફરીથી નિમણુંક કરી છે. ''ગો એર'' એ ભારતના જાણિતા ઔદ્યોગિક ગૃહ વાડિયા સમુહનું સાહસ છે. કૌશિકભાઇ ગો એરમાં ૨૦૦૯ થી ૨૦૧૧ જૂન સુધી કાર્યરત હતા અને વાડિયા સમૂહના બીજા ઉદ્યોગોનો અખત્યાર ઓક્ટોબર ૨૦૧૧ સુધી સંભાળ્યો હતી. ''ગો એર''ની સફળતામાં કૌશિકભાઇનો પુરૂષાર્થ બહુજ જોરદાર હતો. શ્રી કૌશિકભાઇએ આ અગાઉ ડનલોપ ટાયર ઔદ્યોગિક સાહસોનું સફળતા પૂર્વક સંચાલન કરીને તેમને નફો કરતા કરી દીધા. તેમણે એક મોટા જહાજ ઉદ્યોગનું સંપૂર્ણ રીતે નવીનીકરણ કર્યું અને ભારત અને જર્મનીના સહિયારા સાહસની સ્વચ્છ અને વાપરી શકાય એવી ઉર્જા પેદા કરતી કંપનીનું પણ નવિનિકરણ કર્યું હતું.

**પ્રકાશ સમીક્ષા તરફથી કૌશિકભાઇને ખૂબ ખૂબ અભિનંદન.**

**- ઉદયન શાહ**

**વિશેષ નોંધ :**

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **- તંત્રી મંડળ**

# કોરોના કાળમાં ગ્રહદશા

- પ્રવિણ લોડાયા, વડોદરા



કોરોનાનો પ્રથમ કેસ ચીનમાં ગયા વર્ષે નવેમ્બર મહિનામાં જોવા મળ્યો હતો. અને ભારતમાં ૩૦ જાન્યુઆરી ૨૦૨૦માં કેરળમાં. દુનિયાના બધા જ્યોતિષીઓને પુછવાનું મન થાય છે કે આ કાળખંડના સમયે ગ્રહોની સ્થિતિ શું હતી!

શું શનિ ગુરૂ પર વક્રી થઈ રહ્યો હતો? શુક્ર મહારાજ કયાં બિરાજમાન હતા? કયા ગ્રહોની યુતિનો સમય હતો? કુરૂક્ષેત્રમાં યુદ્ધના પ્રથમ દિવસે ગ્રહોની દશા શું હતી? શું દરરોજ બદલાતી ગ્રહદશાથી હાર-જીતનું સમીકરણ બદલાઈ રહ્યું હતું?

અભિમન્યુ માટે ચક્રવ્યૂહ કયા દિવસે રચાયો હતો? શું આ નિર્ણાયક ઘટના હતી? કુરુક્ષેત્રમાં અઢારમા દિવસે યુદ્ધ સમાપ્ત થયું તે સમયની ગ્રહદશા જાણતા સમયે એ જાણવું પણ જરૂરી છે કે, અશ્વત્થામા એ દ્રોપદીના ઊંઘી રહેલા પુત્રોને મારી નાખ્યા ત્યારે બુધની દશા કઈ હતી?

શું જીવન એક શ્રાપ છે અને મૃત્યુ એક ભ્રમ છે? શું મૃત્યુની સાથે જ સ્મૃતિનો લોપ થઈ જાય છે? કેટલાક લોકો પૂર્વજન્મની સ્મૃતિની સાથે જન્મેલા હોય છે? જર્મનીના ડૉ. વીજએ આ વિષય પર સંશોધન કર્યું છે?

દર્શનશાસ્ત્રી નીરદ ચૌધરીએ પોતાના પુસ્તક ''હિન્દુઈઝમ'' માં એવો વિચાર વ્યક્ત કર્યો છે કે હિન્દુ લોકોને જીવનમાંથી આનંદ પ્રાપ્ત કરવાની એટલી ઈચ્છા હોય છે કે, તેઓ વારંવાર ધરતી પર આવવા માંગે છે.

જેવી રીતે મનુષ્યના ડર અને ચિંતાઓના કારણે જ્યોતિષોનો વ્યવસાય ચાલ્યો એવી જ રીતે કોરોનાના ભયના કારણે આપણે બે થી ત્રણ મહિના ઘરમાં બેઠા. જ્યારે એનો ડર ચાલ્યો ગયો પછી આપણે નિયમનું પાલન કરતા નથી.

ટ્રાફિકના નિયમથી માંડીને અન્ય સરકારી નિયમોનો પણ અનાદર કરતા આવ્યા છીએ. જેમકે અત્યારે પર્વાધિરાજ પર્યુષણ આવી રહ્યા છે ત્યારે બધી વિધિઓ ઘરેથી કરવી એવી સરકારી જાહેરાત અને પૂ. મહારાજ સાહેબોની અપીલ ને પણ આપણે ગણકારતા નથી. નિયમોનું ઉલ્લંઘન કરવું તે આપણા ડીએનએ માં છે.

થોડા દિવસ પહેલાં જ જૈનાચાર્ય પૂજ્ય રત્નસુંદર-સૂરીશ્વરજી મહારાજ સાહેબે તેમના પ્રવચનમાં કહ્યું હતું કે દેરાસરો ખૂલે કે ન ખૂલે પણ ઉપાશ્રયો તો નહીં જ ખૂલે એ બાબતની સ્પષ્ટતા કરી હતી.

તેમણે એ મેસેજમાં એ પણ જણાવ્યું હતું કે જૈનોનાં બારથી તેર હજાર સાધુ સાધ્વીઓના જીવન જોખમાય નહીં એ જોવાની ફરજ સંઘોની છે. તેમ છતાં ઘણા દરોસરોમાં ચોરીછુપી થી પર્યુષણ ઉજવાશે એ પણ હકીકત છે. જૈન ધર્મમાં લોકાચારનું પાલન કરવું એ સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. પણ નિયમોનું પાલન નહી કરવાનું આપણા ડીએનએ માં છે એટલે ભગવાન પણ શું કરી શકવાના હતા?

આપણે જેને નમ્રતાવશ આનંદ કહીયે છીયે, હકીકતમાં તે ભોગ-વિલાસ છે. આ ઈચ્છાએ જ પુનર્જન્મની માન્યતાને બળ આપ્યું છે. તે અવતારવાદની માન્યતા સાથે પણ જોડાઈ છે.

એક લેખકે 'દશાવતાર' નામના પુસ્તકમાં તર્કસમ્મત દૃષ્ટિકોણ સાથે અવતાર માન્યતા પર શોધ નિબંધ લખ્યો છે. તેમનું નામ ભૂલી જવા માટે માફી માગું છું.

તમામ અખબાર અને મેગેઝિન, ત્યાં સુધી કે ડાબેરી (કમ્યુનિસ્ટ) વિચારોથી સંચાલિત અખબારોમાં પણ સાપ્તાહિક ભવિષ્યફળ પ્રકાશિત કરાય છે. જ્યારે ડાબેરીઓ ભગવાનમાં અને જ્યોતિષમાં માનતા નથી.

આ પ્રકારના લેખની હાથ ચાલાકી એવી હોય છે કે, આ સપ્તાહના મેષ રાશીના ફળને બીજા સપ્તાહે મકર રાશિનું ભવિષ્યફળ લખી નાખો. આ પ્રકારના રોટેશન થી તમે વર્ષો સુધી પોતાની રોજી-રોટી કમાઈ શકો છો.

ઉલ્લેખનીય છે કે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પ્રકાશિત ઈલ્યુસ્ટેટેડ વિકલીના તે સમયે તંત્રી રહી ચુકેલા ખુશવંતસિંહે પોતાની આત્મકથામાં લખ્યું છે કે મારો એક જ્યોતિષ લખનારા ભાઈ સાથે વાંધો પડ્યો. એ નોકરી છોડી ચાલ્યો ગયો. એના પછી મેં આજ રીતે રોટેશન જ્યોતિષશાસ્ત્ર ચલાવ્યું કોઈ પણ કમ્પલેન્ટ આવી નહીં.

મનુષ્યના ડર અને ચિંતાઓના કારણે આ વ્યવસાય વિકસેલો છે

***

**સમય પ્રવાહ**

# કદર - સુકૃતની અનુમોદનાનું ઉચ્ચત્તમ અને ઉત્કૃષ્ટસ્વરૂપ

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



પ્રકાશ સમીક્ષાના તારીખ ૫ ઓગસ્ટના શ્રી પ્રવીણ લોડાયાના લેખ 'કિસીકા દર્દ મિલ શકે તો લે ઉધાર' ના સંદર્ભમાં આ લેખ લખું છું. આ લેખ લખવા માટે હું બહુજ અવઢવમાં હતો અને લગભગ નવ દિવસના વિચાર મંથન અને વિચાર સંઘર્ષ બાદ મેં આજે ૧૪મી તારીખે આ લેખ લખવાનો નિર્ણય કર્યો; કારણકે આ લેખના કેંદ્રસ્થાનમાં હું અને મારો પરિવાર હોવાથી કદાચ આત્મા શ્લાઘા કે સ્વપ્રશંસા મોટા ભાગના વાચકોને લાગી શકે છે. પણ આ લેખના માધ્યમ થી હું મારા સ્તુતિ ગાન કે વખાણ નથી કરતો પણ એ વિશિષ્ઠ મહાનુભાવોના સુકૃતની અનુમોદના કરી રહ્યો છું. આ એવા મહાનુભાવો છે જેમણે એમના નામ જાહેર કરવા માટે મને ના પાડેલ, તેથી તેમના નામ નહીં જાહેર કરૂં પણ એમના સુકૃત્યને તો ઉજાગર કરી શકું તે આશયથી આ લેખ લખી રહ્યો છું. આ લેખ અને શ્રી પ્રવીણ લોડાયાના લેખ 'કિસીકા દર્દ મિલ શકે તો લે ઉધાર' માં એક બાબત સામાન્ય છે; તે છે લેખના મુખ્ય પાત્રો નોકરીદાતા અને નોકરિયાત છે, જે મારા સ્વાનુભવ પર આધારિત છે, અને તે આ લેખનું હાર્દ હોવાથી મારા માટે જેને અંગ્રેજીમાં 'નોસ્ટાલ્જિઆ' કે 'ફ્લેશ બેક' કહી શકાય તેવું છે, તેથી જ મેં આ લેખ લખવાનું નક્કી કર્યું. આ પ્રસ્તાવના સાથે હું આ લેખ રજુ કરૂં છું.

સામાન્ય રીતે કોઈ કાર્ય કે કૃતિ (ગીત, ગઝલ, ફિલ્મ, લેખ, કવિતા કે ચિત્ર) આપણને ગમે તો આપણે તેની પ્રશંસા, વખાણ, તારીફ કે અનુમોદના કરીયે છે. કેટલીક વાર આ પ્રશંસા, વખાણ, તારીફ કે અનુમોદના ખરેખર અને નિસ્વાર્થ હોય છે, તો કેટલીક વાર વ્યવહારિક અને સહેતુક હોય છે. પ્રશંસા, વખાણ, તારીફ કે અનુમોદના મનુષ્ય મગજથી કરે છે. પણ આ લેખના સંદર્ભમાં મેં જે શબ્દ વાપર્યો છે તે કદર, એ તદ્દન નિસ્વાર્થ ભાવે અને દિલ થી કરવામાં આવેલ કૃત્ય છે. જેમકે પ્રસ્તુત લેખ 'કિસીકા દર્દ મિલ શકે તો લે ઉધાર' માં સુપ્રિયા નામના બેન કોઈ દૃષ્ટિહીન વૃદ્ધને બસમાં બેસાડવા મદદ કરે છે; જેનો વિડિઓ સોસીઅલ મીડિયા પર વાઇરલ થયો અને જે કોઈ સંવેદનશીલ વ્યક્તિએ જોયો હશે તેમણે સુપ્રિયાના આ સુકૃતના પ્રશંસા, વખાણ, તારીફ કે અનુમોદના કરી હશે. પણ સુપ્રિયા જેની જ્વેલરી કંપનીમાં કામ કરે છે તેના ચેરમેન શ્રી જોય લ્યૂકાશ આ સુકૃતથી એટલા બધા પ્રભાવિત, અભિભૂત કે ભાવુક થઇ ગયા, કે તેમણે સુપ્રિયાના ભાડાના ઘરની મુલાકાત લીધી અને તેને વ્યક્તિગત અભિનંદન આપ્યા. અહીં સુધી એમને જે કર્યું તેને પ્રશંસા, વખાણ, તારીફ કે અનુમોદના કહી શકાય. પણ ત્યાર પછી તેમણે સુપ્રિયાને કંપનીની હેડ ઓફિસમાં બોલાવીને તેને એક ઘર ભેટમાં આપ્યું, જેને હું 'કદર' કહું છું અને શ્રી જોય લ્યૂકાશનું આ બેનમૂન, ઉચ્ચત્તમ, ઉત્કૃષ્ટ અને અજોડ કૃત્ય આ લેખના શીર્ષકને સાર્થક કરે છે. પ્રશંસા, વખાણ, તારીફ કે અનુમોદના સામાન્ય રીતે સમજદાર અને સૌજન્યશીલ મનુષ્ય કરે છે, પણ કદર તો જેને મહામાનવની કક્ષામાં સમાવી શકાય તેવા અસાધારણ કે ગુજરાતીમાં જેને કહેવાય 'મુઠી ઉંચેરા માનવી' જ કરી શકે છે, .

હવે હું મારા કે અમારા કહેવું વધારે ઉચિત લાગશે તે પ્રસંગો રજુ કરીશ. લગભગ વીસ વર્ષ પહેલાના આ બનાવ કે પ્રસંગો છે. ત્યારે હું એક બહુરાષ્ટ્રીય દવા બનાવતી કંપની, જે શ્રમિકોના આંદોલનના કારણે બંધ થઇ ગઈ અને પછી મુંબઈના એક આજ ક્ષેત્રના ગ્રુપ ઓફ કંપનીએ એને મર્યાદિત લિમિટેડ કંપની તરીકે ખરીદી લીધી, તેમાં પહેલાં ઇલેક્ટ્રીકેલ વિભાગના વડા તરીકે અને ત્યાર બાદ ચીફ એન્જીનીઅર તરીકે કાર્યરત હતો. કંપનીએ મને સારી એવી સ્વતંત્રતા આપેલ જેથી જો કોઈ કારણસર વધારે રોકાવું પડે તો કંપનીના ગેસ્ટ હાઉસમાં રોકાવવાની પણ વ્યવસ્થા કરેલ. ચીફ એન્જીનીઅર તરીકે જવાબદારી લીધા પછી હું મોટા ભાગે ત્યાં જ રહેતો. ક્યારેક મારા પરિવારને પણ ત્યાં બોલાવી લેતો જેની પણ પરવાનગી મને મળેલ.

ત્યારે મોબાઇલ ફોનની સુવિધા ના હતી અને કંપની તેમજ ગેસ્ટ હાઉસમાં લેન્ડ લાઈન ફોન હતા. એક દિવસ મારા ટેબલ પરના ફોન પર કંપનીની રિસેપ્શન કમ ટેલિફોન ઓપરેટરનો ફોન આવ્યો કે ચેરમેન સાહેબ તમારી સાથે વાત કરવા માંગે છે. એટલે મેં તેને લાઈન ટ્રાન્સફર કરવા કહયું. ચેરમેન સાહેબ સાથે જે વાતચીત થઇ તેનો સારાંશ એ છે કે એમના ત્રણ ચાર સેવા ટ્રસ્ટો હતા, જેમાંના એક ટ્રસ્ટ દ્વારા પાલઘર પાસે મનોરની પાસે કોઈ નાના ગામમાં

આદિવાસીઓ માટે દવાખાનું કે નાની એવી હોસ્પિટલ ચલાવતા હતા, જ્યાં પૂરના કારણે સારું એવું નુકશાન થયેલ છે. આ ગ્રુપની પાલઘર, બોઈસર અને નવી મુંબઈ (કોપર ખૈરને) એમ ત્રણેક જગ્યાએ યુનિટો હતા. પાલઘરના એન્જીનીઅર વગેરેએ મોટા ભાગના કામ કરીને દવાખાનાને કાર્યરત કરેલ છે પણ એક ડેન્ટિસ્ટ ચેર તેમનાથી રીપેર થઇ શકતી નથી અને તેના સ્પેર પાર્ટ્સ મળતા નથી, તો તમે જઈને જો થઇ શકે તો રિપેર કરી આવો અને સેવાના કાર્યમાં ભાગીદાર થાઓ.

મેં આ વાત મારા ચીફ એક્ઝિકયુટીવને કરી. તેમણે મને કહયું ઠીક છે પછી જોશું. હું સમજી ગયો કે ચેરમેન સાહેબે સીધી મારી સાથે વાત કરી એ એમને પસંદ ના પડ્યું. અઠવાડિયા પછી ફરીથી ચેરમેન સાહેબે ફોન કરીને મને પૂછ્યું કે દવાખાના બાબત શું પ્રગતિ છે. એટલે મેં એમને ચીફ એક્ઝિકયુટીવ સાથે વાત કરીને મારા મનોર પ્રવાસને મંજૂરી આપવાની ઔપચારિક વિધિ પુરી કરવાની વિનંતી કરી. સાંજના મારા ચીફ એક્ઝિકયુટીવનો ફોન આવ્યો કે આવતી કાલે તમે મનોર જઈ આવો. બીજે દિવસે તે દવાખાનાની મુલાકાત લીધી અને સદ્દભાગ્યે ડેન્ટિસ્ટ પણ હાજર હતા તેથી તેમના પ્રશ્નો સમજ્યા અને પછી ત્યાર પછીના અઠવાડિયામાં કામ કરવાનું આયોજન કર્યું . ત્યાર પછી એક મેકેનિક અને એક ઇલેક્ટ્રિસિયન અને જરૂરી સાધન તથા સ્પેર પાર્ટ્સ જોગાડ કરીને બે દિવસ ત્યાં રહીને તે ડેન્ટિસ્ટ ચેર ઉપરાંત અન્ય નાના મોટા ઘણા કામો કર્યા. તે સ્થળ પર એક નાનું ગેસ્ટ હાઉસ પણ છે, અને તે એમાં ફાર્મ હાઉસ જેવું હતું. વિશાલ જગ્યા અને આંબાવાડી તથા અન્ય વૃક્ષો પણ હતા. અમે ડેન્ટિસ્ટ ચેરને માત્ર ઠીક ના કરી પણ તેના કાર્યમાં સુધારો પણ કર્યો. ડેન્ટિસ્ટ તો એટલા ખુશ થઇ ગયા કે ચેરમેન સાહેબને ફોન કરીને કહ્યું હવે તો ચેર પહેલાં કરતાં પણ વધુ સરસ થઇ ગઈ છે. તેજ પ્રમાણે ગેસ્ટ હાઉસના કેરટેઇકરે પણ બહુ જ સારા અભિપ્રાય અને રિપોર્ટ આપ્યા.

આ ઘટનાના એકાદ મહિના પછી એક દિવસ અચાનક ચેરમેન સાહેબે પ્લાન્ટની મુલાકાત લીધી. એ ગ્રુપ ચેરમેન હતા, પણ મોટો ભાગે સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહેતા અને તેમના પરિવારના અન્ય સભ્યો જે મેનેજિંગ ડિરેક્ટર અને ટેક્નિકલ ડિરેક્ટર હતા તેઓ જ સક્રિય કામ કરતા અને નિયમિત મુલાકાતો લેતા. તેથી ચેરમેન સાહેબની મુલાકાત માટે બધાને થોડી નવાઈ લાગી. સાંજના ચાર વાગ્યે એક 'હાઈ ટી' ના કાર્યક્રમનું આયોજન થયું, જેમાં બધા સીનીઅર ઓફિસરો સામેલ હતા. ચાય નાસ્તા પછી મિટિંગ હતી જેમાં ચેરમેન સાહેબે કહ્યું કે હું આજે આપણી કંપનીના ચીફ એન્જીનીઅર શ્રી પ્રવીણભાઈ શાહ ને ધન્યવાદ કહેવા આવ્યો છું. તેમણે અને તેમની ટીમએ મનોરના દવાખાનામાં ઉત્તમ કામગીરી કરી છે. પછી તેમણે બધાને એક નાની એવી ચોપડી વાંચવાની સલાહ આપી પણ તે ચોપડીનું નામ તેમણે યાદ ના હતું; પણ તેમણે કહયું કે તે એક ઉંદરની વાર્તા છે અને સમયોચિત બદલાવ બાબત છે. સદ્દભાગ્યે મને એ બુકનું નામ યાદ હતું, તેથી મેં આંગળી ઊંચી કરી, તો ચેરમેન સાહેબે કહ્યું તમારે કૈં કહેવું છે. મેં કહ્યું સાહેબ એ બુકનું નામ છે "Who moved my cheese?" અને મારે એ બુક ખરીદવી હતી; પણ તેની કિંમત લગભગ ઘણી વધારે હતી, તેથી મેં ના ખરીદી. ચેરમેન સાહેબ બહુજ ખુશ થઇ ગયા. ત્રીજા દિવસે મારા ટેબલે પર એક પાર્સલ આવ્યું જેમાં મારા માટે તે બુક હતી અને અન્ય સૌ માટે તેની ઝેરોક્સ હતી. આ કદાચ કદર હતી. આ બુક મારા સંતાનોને પણ બહુજ પસંદ પડેલ.

આ ઘટનાના દશેક દિવસ બાદ અમારા મેનેજિંગ ડિરેક્ટર (એમ.ડી.) આવ્યા. જોગાનુજોગ તેજ દિવસે મોટા ભાગના સ્થાનિક અખબારોમાં સુરત કેન્દ્રના 'ટોપ ટેન' વિધાર્થીઓના ફોટા સાથે મારા સુપુત્ર હેમંતનો ૧૨માં ધોરણમાં કેન્દ્રમાં ચોથા સ્થાન પ્રાપ્ત કરવા બદ્દલ ફોટો આવેલ. એમ. ડી. પહેલાં ફાઇનાન્સ, પછી પ્રોડક્સન અને છેલ્લે એન્જિનિયરિંગના વડા સાથે મિટિંગ રાખે. મારી મિટિંગ હતી ત્યારે તેમના ટેબલ પર એ દિવસના મોટા ભાગના સમાચાર પત્રો હતા અને કોઈએ તેમને કહેલ કે ૧૨માં ધોરણમાં સુરત કેન્દ્રમાં ચોથા સ્થાન પ્રાપ્ત કરવા બદ્દલ મારા સુપુત્ર હેમંતનો  ફોટો સમાચાર પત્રોમાં આવેલ છે અને સુરતની સ્થાનિક ટી.વી. ચેનલ પર તેનો ઇન્ટરવ્યૂ પણ આવેલ. એમ.ડી. સાહેબ બહુ જ ખુશ થયા અને મને અભિનંદન આપ્યા. અને પછી મારા પરિવાર બાબત વિગતો જાણી અને શિક્ષિત પરિવાર હોવા બાબત અભિનંદન આપ્યા. આ પ્રશંસા, વખાણ, તારીફ કે અનુમોદના કહી શકાય. અહીં એક ખાસ વાત રજુ કરૂં છું, જે હેમંતને અન્ય 'ટોપ ટેન' વિધાર્થીઓ કરતાં અલગ પાડે છે. તે એક માત્ર વિધાર્થી હતો જેણે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કર્યો હતો, બાકી અન્ય વિદ્યાર્થીઓએ પ્રાદેશિક ભાષાના માધ્યમમાં અભ્યાસ કર્યો  હતો.

ઉપરોક્ત ઘટનાના બે એક મહિના બાદ મુંબઈમાં 'પાંજો પ્રતિબિંબ ટ્રસ્ટ' દ્વારા આપણી જ્ઞાતિના તેજસ્વી

વિદ્યાર્થીઓના અભિવાદનનો કાર્યક્રમ હતો, જેમાં મારા સંતાનોનું પણ બહુમાન થવાનું હતું; અને તે પ્રસંગ ઉપરાંત અન્ય કારણોસર મારે મુંબઈ ત્રણ દિવસ રોકાવવાની જરૂર હતી તેથી મારા ટેક્નિકલ ડિરેક્ટર જે મારી રજા મંજુર કરે, તેમને એકાદ મહિના પહેલાં જ મેં રજા માટે અરજી કરીને સંતાનોના બહુમાનનું કારણ પણ આપેલ. તેમને પણ મારા સંતાનોના અભ્યાસ બાબત ખબર હતી. તેમણે મને કહયું કે તમારા સંતાનોના અભિવાદનનો કાર્યક્રમ પૂરો થઈ જાય, પછીના દિવસે તમારે સપરિવાર અમારી સાથે ડીનર લેવાનું છે. તેથી મુંબઈ આવ્યા પછી તમે મને ફોન કરજો. આમ તો બધા મુંબઈના પેડર રોડ પર મોટા ફ્લેટમાં બધા અલગ રહે, પણ ચેમ્બુરમાં આર.સી.એફ. કોલોનીમાં વિશાલ કમ્પાઉન્ડ સાથે તેમનો બહુજ મોટો બંગલો છે જે તેમના પરિવારના વીક એન્ડ કે ગેટ ટુ ગેધર માટે વાપરતા, ત્યાં ડીનરનું આયોજન કર્યું. સાંજના ચાર વાગે મુલુન્ડમાં હું મારા મોટાબેનના ઘરે ઉતરેલ, ત્યાં શેઠની ગાડીનો ડ્રાઈવર આવી ગયો અને અમને ચેમ્બુરના બંગલામાં લઇ ગયો. બધાએ બહુજ ઉમળકાભેર અમારા સૌનું સ્વાગત કર્યું, અને પરિવારના સૌ સભ્યો (લગભગ એકાદ ડઝન જેટલા) સાથે અમારો પરિચય કરાવ્યો. પહેલાં 'હાઈ ટી' અને પછી સ્વાદિષ્ટ ભોજનનું આયોજન કરેલ. તે સમયે એક ગુજરાતી સીરીઅલ 'સપનાના વાવેતર' જેનું હિન્દીમાં 'એક મહેલ હો સપનોં કા' બહુ લોકપ્રિય હતી, જેના કેન્દ્ર સ્થાને નાણાવટી પરિવાર હતો. આ શાહ પરિવાર પણ નાણાવટી પરિવાર જેવો જ વૈભવશાળી છતાં શાલીન પરિવાર હતો. છેલ્લે ચેરમેન સાહેબે મારા બને બાળકોના હાથમાં ત્રણ હજાર રૂપિયાનું કવર આપ્યું, (દરેકને ત્રણ હજાર) અને પછી અમે મુલુંડ પરત આવ્યા. આ કદાચ કદર હતી. અમારા પરિવાર માટે કદાચ આ સૌથી અવિસ્મરીયણ પ્રસંગ છે.

લેખ હજી પૂરો થતો નથી. ત્યાર પછી દર વર્ષે એમ.ડી. સાહેબ બાળકોના અભ્યાસ અને પ્રગતિ વિષે પૂછે અને ખુશ થઈને દરેક માટે ત્રણ હજાર રૂપિયાનું કવર આપે. આ સીલસીલો લગભગ ચાર વર્ષ ચાલ્યો; પછી પેઢીઓ (Generation) બદલાઈ ગઈ, અને મેં પણ વ્યક્તિગત કારણોસર લગભગ સાત વર્ષના કાર્યકાલ પછી નોકરી બદલી.

લગભગ દસેક વર્ષ પહેલાં મારા ત્યારના ટેક્નિકલ ડિરેક્ટર દિવાળીની આસપાસ સુરત આવ્યા હતા, અને અનાયાસે અમારી મુલાકાત થઇ. તેમણે મને દિવાળીની આગોતરી શુભેચ્છા સાથે કાજુ કતલીના મીઠાઈનું બોક્સ આપ્યું અને વાતો વાતોમાં જણાવ્યું કે ચેમ્બુરના તેમના અગાઉના બંગલાની બાજુનો પ્લોટ પણ ખરીદીને હવે બહુજ વિશાલ કમ્પાઉન્ડ સાથે બંગલાનું રીનોવેશન કરેલ છે; મુંબઈ આવો તો મળજો. આ કદાચ કદર કહેવાય. બહુ ઓછા માણસોમાં આ ગુણ જોવા મળે છે.

એક વાત આ સ્થાને કરવી જરૂરી લાગે છે. મારા વિષે જ્યારે ચેરમેન સાહેબે બહુજ પ્રશંસા કરી; તે મોટા ભાગના ઓફિસર, જેમાં અમારા ચીફ એક્ઝેક્યુટીવ પણ સામેલ છે, તેમને નહીં ગમ્યું. જેના માટે એક બહુજ સરસ ગુજરાતી શબ્દ 'તેજોદ્વેષ' મને થોડા દિવસો પહેલાં જાણવા મળ્યો. કોઈ લેખકે કહેલ છે કે જયારે દસ માણસો તમારી પ્રશંસા કરે; ત્યારે સો માણસો તેજોદ્વેષનાં કારણે તમારી બુરાઈ કરશે, જે સિદ્ધિની 'બાય પ્રોડક્ટ' છે. પ્રશંસાની કમાણી પર નિંદા કે ટીકાનો કર ચૂકવવો પડે છે. બહુધા મનુષ્ય પોતાના સ્તરના અન્ય મનુષ્યની પ્રગતિ, પ્રશંસા અને પ્રસિધ્ધી સહન કરી શકતો નથી, આ એક સાહજિક અને જન્મજાત ગુણધર્મ છે; જે આપણા સૌના ડી. એન. એ. માં છે. મુકેશ અંબાણીની સિદ્ધિના વખાણ કરનાર વ્યક્તિ પોતાના સમકક્ષ ભાઈ કે મિત્રની સિદ્ધિ બદલ ઈર્ષા અનુભવે તે શક્ય છે. ભગવાન મહાવીર પર ગોશાલા દ્વારા તેજોલેશ્યાનો પ્રહાર આ પ્રકારની વર્તણુંકનું સૌથી મોટું ઉદાહરણ છે.

**છીપનું મોતીઃ** પ્રગતિ અને પતન, સુખ અને દુઃખ, પ્રશંસા અને ટિકા આ બધા માનવીય અભિગમો એક જ સિક્કાની બે બાજુઓ છે, જે શારીરિક રીતે જોડાયેલા જોડિયા બાળકો (Conjoined Siamese Twins) જેવી છે.

***

---

**ભુલ સુધાર :** ગતાંકમાં છપાયેલા અંક નં. ૧ પાના નં. ૨૬ પર શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપરની જાહેરાતમાં **પાર્થ ભાવેશ સોની** (સુથરી-ભાંડુપ)ના ધોરણ-૧૨ : એચ.એસ.સી - કોમર્સ)માં ૭૯% એમ વાંચવું.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

આરોગ્ય પ્રકાશ

# શરીરમાં પોટેશ્યમની ઉણપ


- ડૉ. વીરચંદ લખમશી નાગડા,

M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**




આપણા શરીરમાં ઘણા એવા ખનીજ-મિનરલ્સ છે જે શરીરની યોગ્ય કાર્યવાહીમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે. પોટેશ્યમ પણ શરીર માટે મહત્વનું ખનીજ છે એ શરીરના પ્રત્યેક સૅલ એટલે કે દરેક કોષોમાં સમાયેલું છે અને આપણા હૃદયના ધબકારા અને સ્નાયુઓની કાર્યવાહી પર કાબુ રાખવાનું કામ કરે છે.

આજકાલ ડાયેટનું ધ્યાન રાખવાના જમાનામાં શરીર માટે કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીનના યોગ્ય સમતુલન વિશે ઘણું લખાય છે પણ પોટેશ્યમની શરીરમાં કેટલી માત્રા જોઇએ એ વિશે ખાસ સાંભળવા કે વાંચવા મળવું નથી. શરીરમાં પોટેશ્યમનું પ્રમાણ ઘટી જાય તો પેરેલીસીસ કે હૃદયરોગ થઇ શકે. પોટેશ્યમની ઉણપને હાઇપોકેલેમિયા કહેવાય છે. ૧૭ વર્ષ કે તેનાથી વધુ (પુખ્તાવસ્થામાં) ૪.૭ ગ્રામ જરૂરી છે.

આ પોટેશ્યમ વિશે થોડી માહિતી જાણવી હિતાવહ છે. માનવ શરીર ઇલેક્ટ્રીસીટીની ઝડપે કામ કરે છે. શરીરનું પ્રત્યેક અંગ મગજ દ્વારા અપાતા સિગ્નલની સુચનાઓ અનુસાર કામ કરે છે. મગજના આ હુકમો ઇલેક્ટ્રો-લાઇટ્સની મદદથી શરીરના વિવિધ અવયવો સુધી પહોંચે છે આ માટે કુદરતે આપણા શરીરમાં પાંચ પ્રકારના ઇલેક્ટ્રોલાઇટસ મુક્યા છે - કેલશ્યમ, સોડિયમ, પોટેશ્યમ, ક્લોરાઇડ અને બાયકાર્બોનેટ છે. જે લોહી કે શરીરના કોષમાં રહેલા પ્રવાહીમાં ભળી વિદ્યુતવાહનનું કામ કરે છે. આ પાંચેય ઇલેક્ટ્રોલાઇટસ શરીરના પ્રત્યેક કોષ અને અવયવોના કામકાજમાં નિર્ણાયક ભાગ ભજવે છે. માટે જ શરીરમાં તેમનું યોગ્ય સમતુલન જળવાઇ રહેવુ જોઇએ. એમની માત્રામાં થયેલી વધઘટ શરીરની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી શકે છે. દા.ત. પોટેશ્યમનું કામ આપણા શરીરમાં પાણીનું પ્રમાણ અને બ્લડપ્રેશર જાળવી રાખવાનું; કાર્બોહાઈડ્રેટસનું વિભાજન કરવાનું; પ્રોટીન તૈયાર કરી સ્નાયુની વૃદ્ધિ કરવાનું; શરીરનો સામાન્ય વિકાસ જાળવી રાખવાનું; આપણા મજ્જાતંત્ર (નર્વસસિસ્ટમ), સ્નાયુઓ, હૃદય પર કાબુ રાખતા ઇલેક્ટ્રીકલ્સ સિગ્નલ પર નિયંત્રણ રાખે છે. અને તેથી જ લોહોમાં પોટેશ્યમનું હદથી વધારો કે ઘટાડો થાય તો એની સીધી અસર આપણા હૃદયના કાર્ય અને સ્નાયુઓ પર પડે છે. શરીરમાં જરૂર કરતાં વધારે હોય તો હાઇપરકેલેમિયા અને ઓછી માત્રા હોય તો હાઇપોકેલેમિયા તરીકે ઓળખાય છે. આ બન્ને પરિસ્થિતિ શરીર માટે હાનીકારક છે.

હાઇપોકેલેમિયા ના લક્ષણો : લક્ષણોની ગંભીરતા પોટેશ્યમના ઘટાડાના પ્રમાણપર નિર્ભર છે.

**(૧) શરીરની કમજોરી :** શરીરના વ્યવસ્થિત કાર્યો માટે પોટેશ્યમનું ચોક્કસ પ્રમાણ આવશ્યક છે. જ્યારે લોહીમાં પોટીશ્યમનું પ્રમાણ ઘટે છે ત્યારે કોષની અંદર અને બહાર રહેલા પોટેશ્યમના પ્રમાણના તફાવતમાં પણ ઘટાડો થાય છે આ ઘટાડો સ્નાયુની કાર્યવાહીમાં વિઘ્ન નાખે છે. તેથી થાક, સ્નાયુઓની જટિલતા, શરીરના વિવિધ અંગોમાં નસ ખેંચાઇ જવી વગેરે સમસ્યાઓ ઉભી થાય છે. હાઇપોકેલેમિયાના ગંભીર કિસ્સામાં કેટલીકવાર સ્નાયુ લાંબા ગાળા માટે રિલેસેશનની સ્થિતિમાં જતા રહે છે એટલે જે તે ભાગ હલાવવામાં તકલીફ થાય છે.

**(૨) પેરેલિસિસ :** લોહીમાં પોટેશ્યમનું પ્રમાણ વધુ પડતું ઘટી ગયું હોય એવા કિસ્સામાં કેટલીક વાર સ્નાયુઓમાં સંપૂર્ણ બહેરાશ આવી જાય છે (flacid) પેરેલિસિસ તરીકે ઓળખાય છે. મુશ્કેલી તો ત્યારે ઉભી થાય છે જ્યારે આ પરિસ્થિતિ શ્વસનતંત્રના સ્નાયુઓને અસર પહોંચાડે છે. આ કિસ્સામાં શ્વાસોચ્છવાસની પ્રક્રિયા ધીમી પડતી જાય છે કે ક્યારેક એકદમ બંધ પડી જાય છે.

**(૩) સ્નાયુઓની મુશ્કેલી :** શરીરમાં પોટેશ્યમની ગંભીર અસર સ્નાયુઓની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડે છે અને સ્નાયુઓના અંદરના રસાયણને લીક પણ કરી શકે છે. આ સ્થિતિને રેબોમાયોલિસિસ તરીકે ઓળખાય છે જેને લીધે સ્નાયુઓ અકડાઇ જાય છે અને ક્યારેક શરીર પર સોજા પણ આવે છે.

**(૪) પાચનતંત્રમાં મુશ્કેલી :** શરીરમાં પોટેશ્યમની અછત પેટના સ્નાયુ અને આંતરડાને પણ નુકશાન પહોંચાડી શકે છે. પેટમાં દુખાવો અને ચૂંક આવવાથી માંડીને અપચા સુધીની સમસ્યાઓ થઇ શકે છે. અમુક કિસ્સાઓમાં આંતરડાની ક્રિયા સાવ અટકી જાય છે. (આંતરડાનું પેરેલેસિસ) જેને ડૉક્ટર પેરેલિટિક ઇલીયસ કહે છે.

**(૫) હૃદયના ધબકારામાં વિઘ્ન :** હૃદયના શિસ્તબધ્ધ

ચાલતા ધબકારા મગજથી હૃદય સુધી પહોંચતા ઈલેક્ટ્રીક સિગ્નલથી નિયંત્રીત થાય છે. આ ઈલેક્ટ્રીક સિગ્નલ હૃદયના સ્નાયુઓમાં ખાસ નેટવર્ક દ્વારા પસાર થાય છે. હાઈપોકેલોસિમિયા આ નેટવર્કને ખોરવી નાખવાની તાકાત ધરાવતું હોવાથી તે હૃદયના ધબકારાની ગતિમાં વિઘ્ન ઉભું કરી શકે છે આથી હૃદયનું જોરજોરથી ધડકવું, બહુ ઝડપથી ધડકવું, ક્યારેક એકાદ ધબકારો ચૂકી જવો વગેરે સમસ્યા ઉભી થઈ શકે છે. જે ક્યારેક કાર્ડિયાક એરેસ્ટ એટલે કે હાર્ટનું અચાનક બંધ થવામાં પરિણમતા ઘાતક પુરવાર થઈ શકે છે.

**(૬) કીડનીની કાર્યક્ષમતા પર અસર :** લોહીમાં પોટેશ્યમનું પ્રમાણ ઘટતાં, શરીરમાં સોડિયમનું પ્રમાણ વધી જાય છે જેને કારણે બી.પી. વધી જાય છે અને ચક્કર આવતાં પડી જવાનું અને બેભાન થવાની શક્યતા હોય છે. એ સિવાય કીડની પોટેશ્યમનું સંગ્રહ કરી શકતી નથી. જેને કારણે પોટેશ્યમ સાથે શરીરનું વધુ પડતું પાણી, પેશાબ રૂપે બહાર નીકળી જતું હોવાથી વ્યક્તિએ વારંવાર બાથરૂમ જવું પડે છે અને તેથી જ દર્દીને તરસ પણ ખૂબ લાગે છે.

**(૭) હાથપગમાં બળતરા :** પોટેશ્યમની ઉણપથી શરીરમાં અને ખાસ કરીને હાથ પગમાં કળતર તથા બળતરા ખૂબ થાય છે.

ઉણપના કારણો : હાય બી.પી. અથવા હૃદયરોગની સારવાર રૂપે લેવાતી હાયયુરેટીક્સ નામે ઓળખાતી દવા (વોટર પીલ્સ), પાચક દવાઓનું વધુ પડતું સેવન, કીડની અથવા એડ્રીનલ ગ્રંથી સંબંધી સમસ્યાઓ તથા અતિ ગંભીર અથવા લાંબો સમય ચાલેલા ઝાડા-ઉલ્ટીને લીધે હાઈપોકેલેમિયા થઈ શકે છે. તેથી જો લાંબા સમયથી ઝાડા ઉલ્ટીની તકલીફ હોય કે નિયમિત ધોરણે પાચક દવાઓ લેતા હોય અને એકાએક હાઈપોકેલેમિયાના લક્ષણોની શરૂઆત થાય તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરવો. આ સિવાય જુજ કિસ્સામાં વ્યક્તિ એકાએક પેરોક્સિસમલ પીરીયોડિક હાઈપૉકેલેમિયાનો ભોગ બની જાય છે જેને પગલે એના શરીરમાં કોઈ જ કારણ વગર આપોઆપ પોટેશ્યમનું પ્રમાણ ઘટી જાય છે અને દરદીને પેરેલિસિસ જેવો અનુભવ થાય છે.

નિદાન : માત્ર એક બ્લડ ટેસ્ટ દ્વારા લોહીમાં પોટેશ્યમનું પ્રમાણ આસાનીથી ચેક થઈ શકે છે. પોટેશ્યમનું પ્રમાણ નોર્મલ કરતાં ઓછું આવે તો હાઈપોકેલેમિયાનું નિદાન થાય છે.

સારી વાત એ છે કે હાઈપોકેમિયાના લક્ષણો જેટલા ગંભીર છે, સારવાર એટલીજ સરળ છે. સૌથી સરળ રસ્તો છે - ખોરાકમાં એવા પદાર્થોનો ઉપયોગ વધુ કરવો જેમાં પોટેશ્યમનું પ્રમાણ વધુ હોય. પાટેશ્યમ વધુ ધરાવતા પદાર્થ - આવાકાડો, શેકેલા બટેટા, શકકરીયા, ગાજર, કેળા, દૂધ, દહીં, સંતરા, મગફળીનું માખણ (Peanut butter), વટાણા, ફણસી, પાલક, ટમેટા, ઘઉંના જ્વારા, કીવીફ્રુટ, જરદાલુ, અમુક ચોકલેટો - જેવા પદાર્થો નિયમિત ખાતા રહેવું જોઈએ. પોટેશ્યમ વધુ ધરાવતા પદાર્થ ખાવાનો વધુ એક ફાયદો એ છે કે હાઈ બી.પી.ના દર્દીઓને તેમનું બ્લડ પ્રેશર કાબુમાં રાખવામાં પણ મદદ થાય છે. જો શરીરમાં પોટેશ્યમનું પ્રમાણ ભયજનક હદે નીચું જતું રહ્યું હોય તો ડૉક્ટર પોટેશ્યમ સપ્લીમેન્ટ લેવાની ભલામણ કરશે. બલ્કિ અતિ ગંભીર કિસ્સાઓમાં અસર જલ્દી થાય એ માટે ડૉક્ટર ઈંજેક્શન રૂપે પણ પોટેશ્યમ આપી શકે છે. સામાન્ય રીતે સપ્લીમેન્ટસ અને ઈંજેક્શનથી પરિસ્થિતિ ટૂંક સમયમાં જ કાબુમાં આવી શકે છે અને દરદી ફરી એકવાર સામાન્ય જીવન જીવવા સક્ષમ બની જાય છે, તેમ છતાં જેમણે જીવનભર હાઈપોકેલેમિયાથી બચવું હોય તો ઉપર જણાવેલ ખાદ્ય નિયમિત ધોરણે ખાતાં રહેવું જોઈએ. હાઈપરકેલેમિયા થવાનું પ્રમાણ નહિંવત જ છે તેથી તેની ચર્ચા કરેલ નથી.

***

## Love You Zindagi

જિંદગી નાની છે પણ... દરેક પળમાં ખુશ છું,
કામમાં ખુશ છું, આરામમાં પણ છું,
આજે પનીર નથી તો, દાળમાં પણ ખુશ છું,
આજે ગાડી નથી તો, પગે પગે ચાલવામાં ખુશ છું,
આજે કોઈ નારાજ છે, તો તેના અંદાજમાં ખુશ છું
જેને જોઈ શકતો નથી, એના અવાજથી જ ખુશ છું,
જેને પામી નથી શકતો, એના વિચારોમાં જ ખુશ છું,
સમય જવાનો હતો એ તો જતો રહ્યો,
એની મીઠી યાદોમાં ખુશ છું,
એ સમય કાલે આવશે,એની રાહ જોવામાં ખુશ છું,
હસતા હસતા જીંદગીના બધા પળ વિતાવું છું,
હું મારા આજમાં ખુશ છું,
જીંદગી નાની છે, હું મારી દરેક પળ માં ખુશ છું,
દિલને ગમી હોય તો જવાબ આપજો,
નહીંતર હું વગર જવાબે પણ ખુશ છું.

સંકલન - **કુમાર દંડ,** ભાંડુપ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કાનજી ભાણજી મોતા, અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા
## દાતાઓ તરફથી એપ્રિલ-૨૦૧૯ થી માર્ચ-૨૦૨૦ સુધી મળેલ શાળા ફી - પુસ્તક સહાયભેટ

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|

### અરિખાણા

| | | |
|---|---|---|
| ૧ | મા ઓમ એન્ટરપ્રાઈસીસ<br>હસ્તે શ્રી સોમચંદભાઈ લોડાયા, મુલુંડ | ૫૦૦૦ |
| | **કુલ્લ** | **૫૦૦૦** |

### બાયઠ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી મુલજી નરશી પોલડીયા<br>હસ્તે યોગેશ મુલજી પોલડીયા | ૪૦૦૦૦ |
| | **કુલ્લ** | **૪૦૦૦૦** |

### જખૌ

| | | |
|---|---|---|
| ૧ | ચેતક કેટરર્સ એલ.એલ.પી<br>હસ્તે શ્રી પ્રતાપભાઈ ધુલ્લા | ૧૪૦૦૦ |
| ૨ | કાંતિલાલ કે. વિકમશી એચ.યુ.એફ.,મલબાર હીલ | ૩૦૦૦૦ |
| | **કુલ્લ** | **૪૪૦૦૦** |

### જસાપુર

| | | |
|---|---|---|
| ૧ | શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જસાપુર મહાજન | ૩૩૧૭૦ |
| | **કુલ્લ** | **૩૩૧૭૦** |

### કોઠારા

| | | |
|---|---|---|
| ૧ | શ્રી મુકેશ ગોવિંદજી લોડાયા | ૨૦૦૦૦ |
| | **કુલ્લ** | **૨૦૦૦૦** |

### લાલા

| | | |
|---|---|---|
| ૧ | માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી<br>હસ્તે શ્રી તિલેશભાઈ એસ. મૈશેરી | ૧૦૦૦૦૦ |
| ૨ | શ્રી કલ્પેશ ખોના | ૨૦૦૦ |
| ૩ | શ્રી રુપીન નાગડા | ૨૦૦૦ |
| ૪ | શ્રી જીતેશ શાહ | ૨૦૦૦ |
| ૫ | કરુણા શાહ | ૨૦૦૦ |
| ૬ | શ્રી હિરાચંદ મોતા | ૨૦૦૦ |
| ૭ | શ્રી નિતીન છેડા | ૧૦૦૦ |
| | **કુલ્લ** | **૧૧૧૦૦૦** |

### મંજલ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી સુશીલ લક્ષ્મીચંદ શાહ, માટુંગા | ૨૫૦૦૦ |
| ૨ | શ્રી આર. એલ. શાહ | ૨૦૦૦ |
| ૩ | શ્રી પી. એમ. મહેતા | ૨૦૦૦ |
| ૪ | શ્રી એલ. વી. મહેતા | ૨૦૦૦ |
| ૫ | શ્રી આર. વી. મહેતા | ૨૦૦૦ |

### મંજલ

| | | |
|---|---|---|
| ૬ | શ્રી સી. એન. મહેતા | ૨૦૦૦ |
| ૭ | શ્રી સી. એમ. શાહ | ૧૦૦૦ |
| | **કુલ્લ** | **૩૬૦૦૦** |

### મોટી ખાવડી

| | | |
|---|---|---|
| ૧ | જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ, મો. ખાવડી | ૨૦૨૩૫૫ |
| | **કુલ્લ** | **૨૦૨૩૫૫** |

### મોટી સિંધોડી

| | | |
|---|---|---|
| ૧ | માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા (શાહ)<br>હસ્તે શ્રી રાજેશભાઈ શાહ –મોટી સિંધોડી તથા<br>અન્ય ગામોના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય | ૩૫૦૦૦૦ |
| | **કુલ્લ** | **૩૫૦૦૦૦** |

### નલીઆ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ–નલીયા તથા<br>અન્ય ગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય | ૪૦૦૦૦૦ |
| ૨ | સુમતીબેન દેવશી ભાણજી ખોના, કોચીન | ૧૦૮૦૦૦ |
| ૩ | શ્રી જીતેન્દ્ર દેવશી ખોના, કોઈમ્બતુર | ૪૦૦૦૦ |
| ૪ | માતુશ્રી રમીલાબેન જયચંદ નાગડા<br>હસ્તે શ્રી રોપીન નાગડા, મુલુંડ | ૨૫૦૦૦ |
| ૫ | શ્રી મયંક ગોવિંદજી મોમાયા, બાંદ્રા | ૨૫૦૦૦ |
| ૬ | શ્રી કે.ડી.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઈ<br>ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૫૦૦૦ |
| ૭ | શ્રીમતી નિર્મલાબેન નરેન્દ્ર નાગડા, માટુંગા | ૧૫૦૦૦ |
| ૮ | શ્રી પાર્શ્વનાથ કોર્પોરેશન,<br>હસ્તે શ્રી મધુકાંત શાહ, કોઈમ્બતુર | ૧૫૦૦૦ |
| ૯ | શ્રીમતી સરલાબેન જયચંદભાઈ લોડાયા, ચેંબુર | ૧૫૦૦૦ |
| ૧૦ | શ્રી કમલેશ બી. લોડાયા, માણાવદર | ૫૫૫૫ |
| ૧૧ | માતુશ્રી લીલબાઈ વશનજી ખોના ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૦૦૦ |
| ૧૨ | શ્રી ગોપાલદાસ અરોરા | ૨૦૦૦ |
| ૧૩ | શ્રીમતી મમતા અરોરા | ૨૦૦૦ |
| ૧૪ | શ્રીમતી દિશા અરોરા | ૨૦૦૦ |
| ૧૫ | શ્રી ઓમપ્રકાશ અરોરા | ૨૦૦૦ |
| ૧૬ | શ્રી મુરારીલાલ અરોરા | ૨૦૦૦ |
| ૧૭ | શ્રી એલ. એમ. શાહ | ૨૦૦૦ |
| ૧૮ | શ્રી. એલ. વી. શાહ | ૨૦૦૦ |
| ૧૯ | શ્રી જીતેન લોડાયા | ૨૦૦૦ |

| નલિયા | | | નલિયા | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | શ્રી એમ. આર. શાહ | ૨૦૦૦ | ૬૧ | શ્રી યોગેન્દ્ર ગોસર | ૨૦૦૦ |
| ૨૧ | શ્રી એચ. વી. શાહ | ૨૦૦૦ | ૬૨ | શ્રીમતી દમયંતી ગોસર | ૨૦૦૦ |
| ૨૨ | શ્રી આર. એલ. શાહ | ૨૦૦૦ | ૬૩ | શ્રી ધીરજ ગોસર | ૨૦૦૦ |
| ૨૩ | શ્રી હર્ષદ જાની | ૨૦૦૦ | ૬૪ | જયશ્રી ગોસર | ૨૦૦૦ |
| ૨૪ | શ્રી અક્ષય શાહ | ૨૦૦૦ | ૬૫ | શ્રી સૂર્યકાંત ગોસર | ૨૦૦૦ |
| ૨૫ | શ્રી પ્રગ્નેશ દુતિયા | ૨૦૦૦ | ૬૬ | નેહા ગોસર | ૨૦૦૦ |
| ૨૬ | શ્રી આર. વી. રાધે | ૨૦૦૦ | ૬૭ | શ્રી દિપેશ ગોસર | ૨૦૦૦ |
| ૨૭ | શ્રી એચ. એલ. ગાંધી | ૨૦૦૦ | ૬૮ | જસ્મિન ગોસર | ૨૦૦૦ |
| ૨૮ | શ્રી ગજાનન જોશી | ૨૦૦૦ | ૬૯ | શ્રી વિજય ગોસર | ૨૦૦૦ |
| ૨૯ | શ્રી જગદીશ જોશી | ૨૦૦૦ | ૭૦ | પદ્મા ગોસર | ૨૦૦૦ |
| ૩૦ | શ્રી કે. એમ. લોડાયા | ૨૦૦૦ | ૭૧ | શ્રી અમિત ગોસર | ૨૦૦૦ |
| ૩૧ | શ્રી કે. એલ. શાહ | ૨૦૦૦ | ૭૨ | શ્રી કિશોર ગોસર | ૨૦૦૦ |
| ૩૨ | શ્રી એન. વી. શાહ | ૧૦૦૦ | ૭૩ | કુમુદ ગોસર | ૨૦૦૦ |
| ૩૩ | શ્રી દેવશી ભાનજી ખોના | ૨૦૦૦ | ૭૪ | હેનિલ ગોસર | ૨૦૦૦ |
| ૩૪ | શ્રીમતી સુમતીબેન દેવશી ખોના | ૨૦૦૦ | ૭૫ | શ્રી કિરીટ ગોસર | ૨૦૦૦ |
| ૩૫ | શ્રી દિલિપ દેવશી ખોના | ૨૦૦૦ | ૭૬ | કલ્પના ગોસર | ૨૦૦૦ |
| ૩૬ | શ્રીમતી હિરા દિલિપ ખોના | ૨૦૦૦ | ૭૭ | હેમા છેડા | ૨૦૦૦ |
| ૩૭ | શ્રી સંદીપ દિલિપ ખોના | ૨૦૦૦ | ૭૮ | ધારિણી શાહ | ૨૦૦૦ |
| ૩૮ | શ્રી વિરેશ ડી. ખોના | ૨૦૦૦ | ૭૯ | શ્રી નરશી શામજી ધરમશી | ૨૦૦૦ |
| ૩૯ | શ્રીમતી જ્યોતિ વિરેશ ખોના | ૨૦૦૦ | ૮૦ | જયાબેન નરશી ધરમશી | ૨૦૦૦ |
| ૪૦ | શ્રી અમીત વિરેશ ખોના | ૨૦૦૦ | ૮૧ | શ્રી લલીત નરશી ધરમશી | ૨૦૦૦ |
| ૪૧ | શ્રી નિતીન દેવશી ખોના | ૨૦૦૦ | ૮૨ | જયપ્રભા લલીત ધરમશી | ૨૦૦૦ |
| ૪૨ | રીટા નિતીન ખોના | ૨૦૦૦ | ૮૩ | શ્રી રુષભ લલીત ધરમશી | ૨૦૦૦ |
| ૪૩ | શ્રી અનીશ નિતીન ખોના | ૨૦૦૦ | ૮૪ | હિતાન્ક્ષી આર. ધરમશી | ૨૦૦૦ |
| ૪૪ | શ્રી જીવેશ નિતીન ખોના | ૨૦૦૦ | ૮૫ | શ્રી પ્રેરિત રુષભ ધરમશી | ૨૦૦૦ |
| ૪૫ | શ્રી જે. ડી. ખોના | ૨૦૦૦ | ૮૬ | શ્રી પંકજ ધરમશી | ૨૦૦૦ |
| ૪૬ | હેમા જે. ખોના | ૨૦૦૦ | ૮૭ | અરુણા નિતીન નાગડા | ૨૦૦૦ |
| ૪૭ | શ્રી વિક્રમ જે. ખોના | ૨૦૦૦ | ૮૮ | જયશ્રી દિપક શાહ | ૨૦૦૦ |
| ૪૮ | શ્રી વિવેક જે. ખોના | ૨૦૦૦ | ૮૯ | ઉષાબેન શાહ | ૨૦૦૦ |
